# Startup India International Summit

January 14, 2021

## સ્ટાર્ટઅપ ઈન્ડિયા આંતરરાષ્ટ્રિય શિખર સંમેલન

જાન્યુઆરી 14, 2021

1. ડીપાર્ટમેન્ટ ફૉર પ્રમોશન એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) દ્વારા 15-16 જાન્યુઆરી, 2021 નાં રોજ વર્ચ્યુઅલ મૉડમાં 'પ્રારંભ' – સ્ટાર્ટઅપ ઈન્ડિયા આંતરરાષ્ટ્રિય શિખર સંમેલન યોજવામાં આવી રહ્યું છે. આ શિખર સંમેલન સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલ શરૂ કર્યાનાં 5 વર્ષની ઉજવણી કરે છે જેણે દેશનાં દરેક ખૂણામાં ઉદ્યોગસાહસિકતાની ભાવના વધારવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. 15 જાન્યુઆરીનાં રોજ માનનિય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શિખર સંમેલનનું ઉદ્ઘાટન કરશે અને 16 જાન્યુઆરીનાં રોજ માનનિય વડાપ્રધાન આ શિખર સંમેલનનાં ભવ્ય વિદાય (સમાપન સત્ર) માં આશિર્વચન પાઠવશે.

2. પ્રારંભ સમગ્ર વિશ્વમાંથી ટોચનાં નીતિ ઘડવૈયાઓ, ઉદ્યોગ, શિક્ષણવિદો, રોકાણકારો, સ્ટાર્ટઅપ અને તમામ હિતધારકો એકસાથે લાવે તેવું અપેક્ષિત છે. સમગ્ર વિશ્વમાંથી શ્રેષ્ઠ જૈવતંત્રમાંથી સારી પ્રથાઓ પર વિચારણાઓ કરવા ઉપરાંત, આ શિખર સંમેલનનાં સત્રો ભારતમાં નવીનીકરણ પર આધારિત ઉદ્યોગસાહસિકતાનાં વ્યાપ અને ઊંડાણ દર્શાવવા ડીઝાઈન કરવામાં આવ્યા છે. તેનો ધ્યેય ભારતમાં સ્ટાર્ટઅપ માટે વૈશ્વિક મૂડીનું ધ્યાન કેન્દ્રિત કરવાનો, સ્થાનિક મૂડી કામમાં લેવાનો, આપણા સ્ટાર્ટઅપ માટે આંતરરાષ્ટ્રિય બજારો સુલભ કરાવવા માટેની તકો પ્રદાન કરવાનો અને સક્ષમ કરતા નીતિનાં પ્રાવધાનોનું ઉત્થાન કરવાનો છે.

3. શિખર સંમેલનનો પ્રથમ દિવસ યજમાન BIMSTEC સ્ટાર્ટઅપ કોન્કલેવને ફાળવવામાં આવ્યો છે. આ માનનિય વડાપ્રધાન દ્વારા ઓગસ્ટ 2018 માં કાઠમંડુમાં 4થા BIMSTEC શિખર સંમેલન ખાતે પ્રાંતમાં ઉદ્યોગસાહસિકોમાં કનેક્ટિવિટી વધારવા માટેનાં ધ્યેય સાથે કરવામાં આવેલી જાહેરાતો પૈકીની એક હતી. બાંગ્લાદેશ, ભુતાન, મ્યાનમાર, નેપાળ અને શ્રીલંકાનાં મંત્રીઓ અને સીનિયર અધિકારીઓ, થાઈલેન્ડની નેશનલ ઈનોવેશન એજન્સીનાં એક્ઝીક્યુટિવ ડાઈરેક્ટર અને BIMSTEC નાં મહા સચિવે આ શિખર સંમેલનમાં તેઓની સહભાગીતાની પુષ્ટિ કરી છે.

4. શિખર સંમેલનનાં બે દિવસો સુધી વિવિધ વિષયો પર સ્ટાર્ટઅપ્સ અને અન્ય હિતધારકોની સહભાગીતા સાથે પેનલ ચર્ચાઓ હશે. BIMSTEC સ્ટાર્ટઅપ કોન્કલેવમાં, શ્રેષ્ઠ પ્રથાઓ શેર કરવી, જ્ઞાનનાં આદાન-પ્રદાનનો વર્કશોપ, મલ્ટિલેટરલ પ્રોગ્રામો અને સોશિયલ ઈનોવેશનનો પ્રચાર કરવાનાં વિશયો પર સાત પેનલ ચર્ચાઓ હશે. BIMSTEC દેશોમાંથી 100 કરતા વધારે સ્ટાર્ટઅપ્સ વર્ચ્યુઅલ સ્ટાર્ટઅપ શોકેસમાં ભાગ લેશે. BIMSTEC દેશો સહિત પસંદ કરેલા સ્ટાર્ટ-અપ્સ ભવ્ય વિદાય સત્રમાં માનનિય વડાપ્રધાન સાથે સંવાદ કરવાની તક મેળવશે.

5. આ વર્ચ્યુઅલ શિખર સંમેલન સમગ્ર વિશ્વ અને ભારતમાંથી 200 કરતા વધારે માર્કી સ્પીકરોને ભેગા લાવશે, ટેકનોલોજીઓ, નવીનીકરણ, મજબૂત નીતિઓ અને પ્રારંભો પર ચર્ચાઓની સુવિધા પ્રદાન કરશે, સરકાર અને આંતરરાષ્ટ્રિય સંસ્થાઓને તેઓનાં દ્રષ્ટિકોણો જમાવવા સક્ષમ બનાવશે અને યુવા ભારતીય ઉદ્યોગસાહસિકોનાં મગજને ક્રિયાન્વિત કરશે, માત્ર ભારત માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે તેઓને મહત્વની સમસ્યાઓ અને પડકારોનાં ઉકેલ મેળવવા પ્રવેગિત કરશે.

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 14, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.